39.80 લાખના 'ડિજિટલ અરેસ્ટ'નો આરોપી ઝડપાયો

6 ટકા કમિશનની લાલચમાં સાયબર ઠગોને બેંક ખાતું આપ્યું હતું

નવસારીઃ પોલીસ અને અધિકારીઓના નામે સિનિયર સિટિઝનને ડરાવી લગભગ એક મહિના સુધી 'ડિજિટલ અરેસ્ટ'માં રાખી રૂ. ૩૯.૮૦ લાખ પડાવી લેવાના સનસનાટીભર્યા સાયબર ગુનામાં નવસારી સાયબર ક્રાઈમ પોલીસે બેંગલોર સુધી પહોંચેલી નાણાકીય કડી ઉકેલી એક આરોપીને ઝડપી પાડ્યો છે. ઠગ ટોળકીએ વૃદ્ધને ખોટી કાનૂની કાર્યવાહીનો ભય બતાવી બનાવટી એરેસ્ટ વોરંટ અને આરબીઆઈના સિક્કાવાળા પત્રો મોકલી દસ્તાવેજો સાચા હોવાનું ભાસાવ્યું હતું. ત્યારબાદ સતત ઓનલાઈન સંપર્કમાં રાખી અલગ-અલગ બેંક ખાતાઓમાં લાખોની રકમ ટ્રાન્સફર કરાવી હતી.

૧ જુલાઈએ ફરિયાદ નોંધાયા બાદ પી.આઈ. યુ.એલ. મોદીની આગેવાની હેઠળ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ સાથે બેંકિંગ ટ્રેઈલ તપાસવાનું શરૂ કર્યું હતું. એક પછી એક વ્યવહારોની કડી જોડાતાં ઠગાઈની રકમમાંથી રૂ.૨૪.૩૦ લાખ બેંગલોરના સંદેશ યમાદુરુ મારીગૌડાના ખાતામાં પહોંચ્યા હોવાનું બહાર આવ્યું, જે સમગ્ર તપાસમાં મહત્ત્વપૂર્ણ ટર્નિંગ પોઈન્ટ બન્યું હતું. ડિજિટલ ફૂટપ્રિન્ટ, બેંક ટ્રાન્ઝેક્શનની મની ટ્રેઈલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના સંયોજનથી પોલીસે બેંગલોર સુધી તપાસનો દોર લંબાવી આરોપીને ઝડપી પાડ્યો હતો.

ઠગોને OTP માટે મોબાઈલમાં 'SMS ફોરવર્ડિંગ એપ' ઈન્સ્ટોલ કરી આપી

પોલીસ તપાસમાં સામે આવ્યું કે સંદેશ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક મારફતે સાયબર ઠગ ટોળકીના સંપર્કમાં આવ્યો હતો. માત્ર ૬ ટકા કમિશનની લાલચમાં તેણે પોતાનું બેંક ખાતું ઠગોના નાણાકીય વ્યવહારો માટે ઉપલબ્ધ કરાવ્યું હતું. એટલું જ નહીં, બેંકિંગ વ્યવહારો દરમિયાન આવતા ઓટીપી સીધા ઠગો સુધી પહોંચે તે માટે મોબાઈલમાં 'એસએમએસ ફોરવર્ડિંગ એપ' પણ ઇન્સ્ટોલ કરી આપ્યાનું તપાસમાં ખુલ્યું છે.

નવસારીમાં રસ્તા સુધારવા VIPનું આગમન જ કાફી

શહેરમાં મસમોટા ખાડા, ઉખડેલા ડામરથી લોકો પરેશાન, તંત્રની વીઆઈપીઓ માટે લાલજાજમ

નવસારીઃ નવસારીના એસ.ટી. ડેપો નજીક વાડી મોહલ્લા તરફ જતો માર્ગ મહાનગરપાલિકાની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કરી રહ્યો છે. મસમોટા ખાડા, ઉખડેલો ડામર અને ઉડતી ધૂળ વચ્ચે રોજ હજારો લોકો અવરજવર કરવા મજબૂર છે. વાહનચાલકો માટે ખાડા બચાવવાની કસરત કરવાની મજબૂરી જાણે આ માર્ગની રોજિંદી ઓળખ બની ગઈ છે.

આ માર્ગની દયનીય સ્થિતિ વચ્ચે વડાપ્રધાનના સંભવિત આગમનને પગલે વીઆઈપી રૂટના રસ્તાઓને મજબૂત અને ચકાચક બનાવવાની કામગીરી ઝડપ પકડતાં નાગરિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. વીઆઈપીના કાફલા માટે રસ્તો તરત યાદ આવે, તો રોજ પસાર થતી પ્રજાના રસ્તા કેમ યાદ નથી આવતા? એવો સવાલ હવે મહાનગરપાલિકા સામે ઊઠી રહ્યો છે. વોર્ડ નં. ૭ના નાગરિક નરેશ જૈને પાલિકા તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને કચેરીની બહાર આવી સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ નિહાળવા આકરી ટકોર કરી છે. ચોમાસા બાદ શહેરના અનેક રસ્તાઓ બિસમાર બન્યા છતાં સામાન્ય માર્ગોના સમારકામમાં જોવા મળતી ધીમી ગતિ અને વીઆઈપી રૂટ માટેની તાત્કાલિક કામગીરી વચ્ચેનો તફાવત હવે ચર્ચાનો વિષય બન્યો છે. નાગરિકોનો સવાલ પણ એટલો જ વેધક છે–"પ્રજાના કરવેરાથી બનતા રસ્તાની ગુણવત્તા નક્કી કરવા શું વીઆઈપીનો કાફલો પસાર થવો જરૂરી છે? પાલિકાએ હવે માત્ર વીઆઈપી રૂટને ચમકાવવાને બદલે અન્ય રસ્તાઓને પણ સમાન પ્રાથમિકતા આપવી જરૂરી છે.

આજે જામશે 'નંદ ઘેર આનંદ ભયો', શોભાયાત્રા-દહીંહાંડીથી ગૂંજશે માહોલ

વિજલપોરમાં ૨૦૦ મીટરના અંતરે બે ભવ્ય મહોત્સવ

નવસારીઃ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવને વધાવવા ભક્તિ અને ઉત્સાહનો માહોલ જામ્યો છે. જન્માષ્ટમીને લઈને શહેરથી ગ્રામ્ય વિસ્તારો સુધી વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શોભાયાત્રા, પાલખી યાત્રા, ભજન-કીર્તન, મધરાતે પ્રાગટ્ય આરતી અને દહીંહાંડી જેવા કાર્યક્રમોને કારણે પર્વ દરમિયાન સમગ્ર પંથક કૃષ્ણમય બનશે.

જન્માષ્ટમીના દિવસે નવસારીના વિજલપોર ખાસ આકર્ષણનું કેન્દ્ર બનવાનું છે, જ્યાં માત્ર ૨૦૦ મીટરના અંતરે બે અલગ-અલગ ભવ્ય દહીંહાંડી કાર્યક્રમો યોજાશે. છત્રપતિ શિવાજી મહારાજ ચોક ખાતે ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આયોજિત દહીંહાંડીમાં મુંબઈનું જાણીતા 'વિશ્વ શાંતિ દહીંહાંડી પથક' ગોવિંદાઓ સાથે હાજરી આપશે. સાથે નાસિકના ઢોલ-તાશા પથક અને ડીજેની ધૂમથી વાતાવરણમાં ઉત્સાહનો માહોલ સર્જાશે. નજીકમાં સરસ્વતી નગર ખાતે 'યુથ ફોર ગુજરાત' દ્વારા પણ દહીંહાંડીનું આયોજન કરાયું છે. બીજી તરફ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૪ સપ્ટેમ્બરે સવારે શાંતાદેવી રોડ પર આવેલા સોમનાથ મંદિરથી કૃષ્ણ જન્માષ્ટમીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે. ગણેશ સિસોદ્રા (મોટીવાડી) હળપતિવાસ ખાતે ૪ સપ્ટેમ્બરની મધરાતે શ્રીકૃષ્ણ પ્રાગટ્ય આરતી યોજાશે, જ્યારે ૫ સપ્ટેમ્બરે સાંજે પરંપરાગત દહીંહાંડી અને મહાપ્રસાદનું આયોજન કરાયું છે.

રક્ષાબંધન માટે પરિવાર વતન ગયો ને તસ્કરો ઘર સાફ કરી ગયા

વાપીના કુંભારવાડમાં બંધ ફ્લેટમાંથી રૂ.1.71 લાખના સોના-ચાંદીનાં ઘરેણાની ચોરી

વાપીઃ રક્ષાબંધન તહેવારે વાપી કુંભારવાડમાં રહેતો પરિવાર ફ્લેટને તાળું મારી પરિવાર સાથે વતન ગયા હતા અને તસ્કરોએ બંધ ફ્લેટને નિશાનો બનાવી તિજોરીમાં મુકેલા સોના-ચાંદીના ઘરેણા અને રોકડ મળી કુલ રૂ.1.71 લાખની મતા ચોરી કરી ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ ખેડા અને હાલ વાપી કુંભારવાડ, સાંઈ વિહાર એપાર્ટમેન્ટ ફ્લેટ નં.302 માં જૈમીન મહેન્દ્રભાઈ મીસ્ત્રી (ઉં.વ.36) રહે છે. રક્ષાબંધન તહેવાર હોવાથી ફ્લેટને લોક કરી પરિવાર સાથે વતન નડિયાદ ગયા હતાં. તા.30-8-26 ના રોજ પડોશીએ ફોન કરીને જણાવ્યું કે, ફ્લેટનું તાળું લાગેલું નથી અને નકુચો તૂટી ગયો છે. જે બાદ તેઓને ઘરમાં જઈને જોવાનું કહેતા ઘરનો સરસામાન વેરવિખેર પડેલો અને કબાટ ખુલ્લો હતો. જે બાદ જૈમીન પરિવાર સાથે વાપી આવી પહોંચ્યો હતો. તસ્કરોએ કોઈક સાધન વડે ઘરનો નકુચો તોડી નાંખી તિજોરીમાં મૂકેલા સોના-ચાંદીના ઘરેણા અને રોકડા 1 હજાર મળી કુલ રૂા.1,71,992ની મતા ચોરી કરી ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ જૈમીન મીસ્ત્રીએ વાપી ટાઉન પોલીસ મથકમાં કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

તિથલ ગામમાં કાગળ પર જ 'વિકાસ'ના કામ, સ્થળ પર શૂન્ય!

DDOની ટીમ દ્વારા તપાસ, સરપંચ સામે ગંભીર આક્ષેપ

RO પ્લાન્ટ, શૌચાલય નિર્માણના ગ્રાન્ટના પૈસા ઉપાડી લેવાયા પણ કામ જ થયું નથી!

વલસાડઃ વલસાડના તિથલ ગામના સરપંચ વિરુદ્ધ ભ્રષ્ટાચારની ગંભીર ફરિયાદો ઊઠવા પામી છે. સ્થાનિક જાગૃત નાગરિક દ્વારા સરપંચ સામે કરવામાં આવેલી લેખિત રજૂઆતના પગલે તાલુકા વિકાસ અધિકારીની ટીમ દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સરપંચ દ્વારા કરવામાં આવેલા વિકાસકામોમાં મોટા પાયે ગેરરીતિ થઈ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

મળતી માહિતી મુજબ, તિથલ શાળા નજીક આવેલ આર.ઓ. (RO) પ્લાન્ટ અને શૌચાલયના નિર્માણ માટેના સરકારી ગ્રાન્ટમાંથી બિલો મૂકીને નાણાં ઉપાડી લેવામાં આવ્યાં હતા. જોકે, જ્યારે TDOની ટીમે સ્થળ પર જઈને આકસ્મિક તપાસ કરી ત્યારે ત્યાં કોઈપણ પ્રકારનું કામ થયેલું જોવા મળ્યું નહોતું. અધિકારીઓની તપાસમાં સાબિત થયું હતું કે સરકારી ચોપડે અને કાગળ પર દર્શાવવામાં આવેલા કામો વાસ્તવિકતામાં શૂન્ય છે. સ્થાનિક જાગૃત નાગરિકોએ પણ સરપંચ અને સંકળાયેલા તત્ત્વો સામે ભ્રષ્ટાચારના સીધા આક્ષેપો કર્યા છે અને સરકારી નાણાંનો દુરુપયોગ કરવા બદલ કડક કાર્યવાહીની માંગ કરી છે.

હવે આ મામલે તાલુકા વિકાસ અધિકારી અને તંત્ર દ્વારા સંબંધિત સરપંચ વિરુદ્ધ કેવા પ્રકારના કાનૂની કે વહીવટી પગલાં લેવામાં આવે છે, તેના પર સમગ્ર તિથલ ગામ અને વલસાડના ગ્રામજનોની નજર મંડાયેલ છે.

આહવામાં ઝડપાયેલા 270 લિટર કેરોસીન કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

સાપુતારાઃ સાપુતારાના આહવા ફોરેસ્ટ નાકા પાસે આહવા પોલીસે વાહન ચેકિંગ દરમિયાન વઘઈના દિલીપભાઈ સુથારની જીપમાંથી પાસ-પરમિટ વગરનું 270 લિટર કેરોસીન ઝડપી પાડ્યું હતું. કુલ રૂ.1,56,750ના મુદ્દામાલ સાથે પોલીસે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ગુનો નોંધી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસ આહવાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ વાય. પી. યાદવની કોર્ટમાં ચાલ્યો હતો. જેમાં આરોપીના વકીલ કુ. વંશીકા એ. ભોયેએ ધારદાર અને વિગતવાર દલીલો રજૂ કરી હતી. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈને ન્યાયાધીશે આરોપી દિલીપભાઈ માણેકભાઈ સુથાર સામેના તમામ આરોપો પુરવાર ન થતાં તેમને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

ચીખલીના ચાસા ગામેથી 6 જુગારી ઝડપાયા

ઘેજઃ ચીખલીના ચાસા ગામે ચાસા ભૂતિયા ફળિયામાંથી પોલીસે છ જુગારીને ૮૪ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે પારસ ધીરજલાલ પટેલ ,પરિમલ લક્ષ્મણભાઈ પટેલ, મોહમદ ફારૂક સીદાત, રિતેશ અરવિંદભાઈ પટેલ, ધર્મેશભાઈ અશોકભાઈ પટેલ, ખાલપ ચીંતું હળપતિને ઝડપી પાડી રૂ.૧૦,૭૨૦, અંગઝડતીના રોકડા ૧૯,૨૦૦, પાંચ મોબાઈલ મળી કુલ રૂ.૮૪,૯૨૦ની મતા કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દેગામમાં 17 લાખના દારૂ સાથે એક ઝડપાયો

ઘેજઃ દમણથી વડોદરા આઇસર ટેમ્પોમાં લઈ જઇ રહેલા ૧૬.૮૯ લાખ રૂપિયાના દારૂના જથ્થા સાથે ચીખલી પોલીસે દેગામ નેશનલ હાઇવે પરથી એક ખેપિયાને ઝડપી પાડી ૨૬.૯૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી પોલીસે પૂર્વ બાતમીના આધારે ચીખલીના દેગામ રેલવે ઓવરબ્રિજ પાસે મુંબઇથી અમદાવાદ જતા ટ્રેક ઉપર વોચ ગોઠવતા બાતમી મુજબ આઇસર ટેમ્પો (નં. એમએચ ૪૮ એજી ૩૩૨૯) આવતા જેને રોકી તલાસી લેતાં અંદરથી ૨૬૯ પૂંઠાના બોક્ષમાં વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ-૭૦૫૬ કિ.રૂ.૧૬,૮૯,૧૨૦, આઇસર ટેમ્પાની કિ.રૂ.૧૦-લાખ, એક નંગ મોબાઇલ કિ.રૂ.૩,૦૦૦ મળી કુલ રૂ.૨૬,૯૨,૧૨૦ના મુદ્દામાલ સાથે ચાલક સત્યમ ભગચંદ્ર પ્રજાવત (ઉ.વ.૨૩, રહે., પંચાલ ચોકડી પાસે, દમણ, મૂળ કુસમરા, કદોરા, યુ.પી)ની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ ભરેલ આઇસર આપી જનાર તેમજ પાયલોટિંગ કરનાર શુક્લાભાઇ તથા વડોદરા ખાતે દારૂનો જથ્થો મંગાવનાર શુક્લાભાઇનો માણસ તેમજ હાલના આઇસર ટેમ્પાનો ચાલક મળી ત્રણને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

નાની ઉમર, મોટું સપનું!

7 વર્ષની ઉંમરે મિશન 'બ્લુ જર્સી'

નવસારીની ૭ વર્ષની હેઝલ કુહાડિયા બની રહી છે ક્રિકેટની 'નાની ચેમ્પિયન'

સ્કૂલથી ટ્યુશન અને ત્યારબાદ સીધું ક્રિકેટ મેદાન, રોજની મહેનત પાછળ ટીમ ઇન્ડિયાનું લક્ષ્ય

નવસારીઃ મેદાનમાં દોડતી વખતે કદાચ હેઝલના પગ હજુ નાના લાગે છે, પરંતુ તેની આંખોમાં દેખાતું સપનું ઘણું મોટું છે. ઉંમર માત્ર ૭ વર્ષની, પરંતુ લક્ષ્ય સીધું ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સુધી પહોંચવાનું. નવસારીની હેઝલ તેજશ કુહાડિયાએ માત્ર ચાર વર્ષની ઉંમરે બેટ હાથમાં લીધો અને ત્યારથી ક્રિકેટ તેના બાળપણનો શોખ નહીં, પરંતુ ધીમે ધીમે જીવનનું લક્ષ્ય બની ગયું છે. વર્ષ ૨૦૨૪માં માત્ર ચાર વર્ષની ઉંમરે અગ્રવાલ કોલેજ ક્રિકેટ એકેડમીમાં તાલીમ શરૂ કરનાર હેઝલ છેલ્લા ત્રણ વર્ષથી સતત ક્રિકેટના મેદાન પર પરસેવો વહાવી રહી છે. નાની ઉંમરે જ બેટિંગની સાથે ફિલ્ડિંગ, કેચિંગ અને ફિટનેસ પર ધ્યાન આપતી હેઝલને ક્રિકેટની દરેક બાબત શીખવાની ઉત્સુકતા છે.

હાર્દિક પંડ્યા આદર્શ, આક્રમક ક્રિકેટ રમવાનું સપનું

હેઝલનો ક્રિકેટનો સૌથી મોટો પ્રેરણાસ્રોત છે હાર્દિક પંડ્યા. તેમની આક્રમક બેટિંગ, આત્મવિશ્વાસ અને પડકાર સામે હાર ન માનવાની રમત હેઝલને ખૂબ પ્રેરિત કરે છે. મેદાન પર આત્મવિશ્વાસ સાથે રમવું અને તક મળે ત્યારે રમતને આક્રમક બનાવવી–આ દિશામાં તે સતત પોતાની રમત સુધારવાનો પ્રયાસ કરી રહી છે.m અગ્રવાલ કોલેજ ક્રિકેટ એકેડમીમાં કાંતિ પટેલ, રોકી ગામિત અને હિતેશ પટેલ (મામુ)ના માર્ગદર્શન હેઠળ તેની તાલીમ ચાલી રહી છે. કોચિંગ દરમિયાન બેટિંગ ટેકનિકથી લઈને ફિલ્ડિંગ, કેચિંગ અને ફિટનેસ સુધીના પાસાં પર કામ કરવામાં આવે છે.

સ્કૂલ પૂરી થાય છે, પરંતુ હેઝલનો દિવસ હજુ પૂરો થતો નથી!

હેઝલની રોજિંદી દિનચર્યા જ તેની મહેનતની કહાની કહી જાય છે. સવારે ૮થી બપોરે ૧ વાગ્યા સુધી શાળા, ત્યારબાદ ૩થી ૪:૩૦ સુધી ટ્યુશન અને સાંજે ૪:૪૫થી ૬ વાગ્યા સુધી ક્રિકેટ પ્રેક્ટિસ. અર્થાત્, બાળપણની મોજમસ્તી વચ્ચે પણ હેઝલ પોતાના સપનાને સમય આપી રહી છે. અભ્યાસ અને ક્રિકેટ બંનેને સાથે લઈને આગળ વધતી આ બાળ પ્રતિભા માટે મેદાન હવે રમવાનું સ્થળ જ નહીં, પરંતુ ભવિષ્ય બનાવવાની પ્રયોગશાળા બની રહ્યું છે.

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસુલ, વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ ડાંગ — તા. 31 AUG 2026
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૯૪૨-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ચીખલી-સાપુતારા રોડ (SH-15) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જ્યારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૪૧-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકારે, જાહેર હિતમાં "ચીખલી-સાપુતારા રોડ (SA-15) (સેકશનઃ વઘઈ- શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઇઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને
૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૧૪-૮૧૮-૫, તા.૧૯/૧૧/૨૦૨૫ થી નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને
૩. હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-૫ તા.૧૯/૧૧/૨૦૨૫ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને
૪. હવે જ્યારે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના કલેક્ટરના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે, અને
૫. તેથી હવે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.
૬. ગુજરાત સરકાર, "સદરહુ અધિનિયમ"ની કલમ- ૩(૪) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, "સદરહુ અધિનિયમ" નીચે હવે પછી કલેક્ટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગની નિમણૂક કરે છે.
૭. સદરહુ અનુસૂચિત જમીનોના નકશા, નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ની કચેરી ખાતે તપાસી શકાશે.

અનુસૂચિ

જિલ્લોઃ ડાંગ	તાલુકોઃ વઘઈ	મોજે. લહાનદાબદર
અ.નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૫૩	૦૦-૨૩-૩૨
૨	૧૭૭	૦૦-૩૧-૪૦
૩	૧૭૮	૦૦-૦૭-૬૫
૪	૧૮૮	૦૦-૨૦-૨૨
૫	૧૯૩	૦૦-૩૩-૩૦
	કુલ	૦૧-૧૫-૮૯

૮. તા.૧૯/૧૧/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક નં. અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ સાથેની અનુસૂચિમાં નીચેની વિગતે દર્શાવેલ જમીન ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જરૂરી નથી તેમ ગુજરાત સરકારને આથી જણાય છે. તેથી તે જમીનનું ઉપર દર્શાવેલ હેતુ માટેનું સંપાદન આથી પડતું મુકવામાં આવે છે.

સંપાદનમાંથી પડતી મુશ્કેલ જમીનની વિગત

જિલ્લોઃ ડાંગ	તાલુકોઃ વઘઈ	મોજે. લહાનદાબદર
અ.નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.)
૧	૫૩	૦૦-૦૪-૬૮.૯૧૫૯
૨	૧૭૮	૦૦-૧૯-૬૧.૨૫૦૩
૩	૧૯૩	૦૦-૦૨-૫૬.૦૨૦૩
૪	૧૯૫	૦૦-૦૦-૪૫.૪૮૮૬
	કુલ	૦૦-૨૭-૩૧.૬૭૫૧

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(ડી. બી. નિમાવત)
સરકારના નાયબ સચિવ
ક્રમાંકઃમાહિતી/ડાંગ/૯૩/૨૦૨૬

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩)
(૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ ડાંગ — તા. 24 AUG 2026
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૮૮૬-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ચીખલી-સાપુતારા રોડ(SH-15) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જ્યારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૪૯-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકારે, જાહેર હિતમાં 'ચીખલી-સાપુતારા રોડ(SH-15) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઇઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને
૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૦૭-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ, તા.૧૯/૧૧/૨૦૨૫ થી નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને
૩. હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૦૭-જડગ-૧૪૨૦૨૪